# હેલ્પ ડેસ્ક એનાલિસ્ટ (હેલ્પ ડેસ્ક વિશ્લેષક)

હેલ્પ ડેસ્ક એનાલિસ્ટ એક એવા ટેકનોલોજી પ્રોફેશનલ છે જેમને કંપનીના ગ્રાહકોને કમ્પ્યુટર હાર્ડવેર, એપ્લિકેશન્સ, નેટવર્ક્સ અને ઓપરેટિંગ સિસ્ટમ્સને લગતી સમસ્યાઓ જેવી કોઈપણ આઈ.ટી. સંબંધિત બાબતો માટે તકનીકી સહાય પૂરી પાડવાની કામગીરી સોંપવામાં આવે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કમ્પ્યુટર પર સહજ રીતે કામ કરી શકો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૪૫,૦૦૦ થી ૧૦,૦૦,૦૦૦***

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત)

૨. કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરીંગ/ ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં સ્નાતક (B.Tech/BSc/BCA)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન ક્ષેત્રમાં અનુસ્નાતક (M.Tech/ME/MSc/MCA)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

કમ્પ્યુટર સાયન્સમાં PG Diploma કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

હેલ્પ ડેસ્ક એનાલિસ્ટનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૬,૫૦૦ થી ૫૩,૧૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Service_Desk_Analyst/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે વિવિધ ઉદ્યોગો, સંસ્થાઓના આઈ.ટી. વિભાગમાં કામ મેળવી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામકાજનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

**ઉદ્યોગ સાહસિકતા:** આ ક્ષેત્રમાં તમે ફ્રીલાન્સિંગ કરી શકો છો.

### અપેક્ષિત પ્રગતિ પથ

હેલ્પ ડેસ્ક ટેક્નિશિયન → એડમિનિસ્ટ્રેટર / નેટવર્ક એડમિનિસ્ટ્રેટર → સિસ્ટમ્સ આર્કિટેક્ટ / ડિઝાઇન આર્કિટેક્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

હેલ્પ ડેસ્ક ટેક્નિશિયન, હેલ્પ ડેસ્ક એનાલિસ્ટ, સર્વિસ ડેસ્ક એનાલિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમ.એસ.યુ., વડોદરા
૨. અય્યા નાદર જાનકી અમ્મલ કોલેજ, તમિલનાડુ
૩. આત્મારામ સનાતન ધર્મ કોલેજ, નવી દિલ્હી
૪. ડી.ડી.યુ., નડિયાદ
૫. ભાસ્કરાચાર્ય કોલેજ ઓફ એપ્લાઇડ સાયન્સ, નવી દિલ્હી
૬. કોલેજ ઓફ એપ્લાઇડ સાયન્સ (આઈ.એચ.આર.ડી.), કેરળ
૭. ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કોલેજ, બિકાનેર
૮. જી.ટી.યુ., અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. અન્નાઈ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, તમિલનાડુ
૨. એ.ડી. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ગુજરાત
૩. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ચેન્નાઈ
૪. સેન્ટ ઝ્વેર્યિસ કૉલેજ, અમદાવાદ
૫. આચાર્ય પ્રફુલ્લ ચંદ્ર કોલેજ, કોલકાતા
૬. બેંગલોર સિટી કોલેજ, બેંગલુરૂ
૭. બાપટલા એન્જિનિયરીંગ કોલેજ, આંધ્રપ્રદેશ
૮. એસ.વી.સી.સી.એસ., ભાવનગર, ગુજરાત

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે – https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

### સાફલ્ય ગાથા

**બિલી અબ્બાસ લીડ્સ**, યુકેના સર્વિસ ડેસ્ક એનાલિસ્ટ છે જેમણે ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં સ્નાતક (બેચલર ઓફ સાયન્સ)ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. તેઓ એસ.ડી.આઈ. બેસ્ટ સર્વિસ ડેસ્ક એનાલિસ્ટ ફાઈનલિસ્ટ પણ હતા. તેઓ હાલમાં લીડ્ઝ બેકેટ યુનિવર્સિટી સાથે સંકળાયેલા છે.*

સ્રોત: https://www.servicedeskinstitute.com/we-had-a-chat-to-our-service-desk-analyst-of-the-year-2020-finalists/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.